તારીખ: ૨૬/૧૨/૨૦૨૩

# નોટીસ

સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી ખાતે ઈલેકટ્રીક વપરાશ અને વિજળી બિલને ધ્યાને લઈ સંસ્થાના પરિસરમાં ૧૨૦KWની કેપેસીટી આધારિત સોલર સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાની હોઈ આ કામના અનુભવી અને પ્રતિષ્ઠિત પાર્ટીઓ પાસેથી સ્પર્ધાત્મક ભાવોના સીલબંધ ક્વોટેશન મંગાવવામાં આવે છે.

આ સોલાર સિસ્ટમ કામમાં આ અંગેની પ્રવર્તમાન કાયદાકીય જોગવાઈઓ નું રજીસ્ટ્રેશન અને સક્ષમ ઓથોરિટીની મંજૂરી, એન્જીન્યરીંગ ડિઝાઈન, પ્લાનીંગ અને તે મુજબનું અમલિકરણ, ટેસ્ટીંગ, કમિશનીંગ થી માંડીને આ કામની સંબંધીત સિવિલ વર્ક, સ્ટ્રકચર બનાવવાનું કામ તેમજ અન્ય સંલગ્ન કામ સહિતના જરૂરીયાત મુજબ ના ઉચ્ચ ગુણવત્તા ધરાવતો માલસામાનો પણ સમાવેશ થયા છે જેથી આ અંગેના દરેક માલસામાનના સ્પેસીફિકેશનો અને કામ અંગેની વિગતવાર માહિતી સહિતની ઓફર જેતે આ કામ માટે રસ ધરાવતી પાર્ટીએ આપવાની રહેશે. તદ્ઉપરાંત તેની વોરંટી અને મેઈન્ટન્સની વિગતો પણ દર્શાવવાની રહેશે. ઉપરોક્ત તેમજ આ કામને સંલગ્ન અન્ય તમામ બાબતોનો સમાવેશ કરી સ્પર્ધાત્મક ભાવો આપવાના રહેશે.

આ કામ માટે રસ ધરાવતી પાર્ટીઓ આ નોટીસ અન્વયે પ્રસિધ્ધ થનાર દૈનિક જાહેરાત ના દિન -૪ માં સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ તે અંગેની જરૂરી જાણકારી મેળવીને સર્વે હાથ ધર્યા બાદ દિન – ૭ માં સ્પર્ધાત્મક ભાવોના ક્વોટેશન સીલબંધ કવરમાં મોકલવાના રહેશે જે કોઈ પાર્ટી સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ ને જરૂરી વિગતો તેમજ અન્ય માહિતી મેળવવા આવે તેની જાણ સંસ્થાને કરવાની રહેશે કારણકે રૂબરૂ સ્થળ મુલાકાત બાદ દિન – ૭ દરમ્યાન ઓફરો મોકલવાની રહેશે અને ત્યારબાદ મળેલ ઓફરો સ્વીકારવામાં આવશે નહિ તેની સ્પષ્ટ નોંધ લેવી.

કોઈ એક અથવા તમામ ઓફરો રદ કરવાની સંસ્થાની સત્તા અબાધિત રહેશે. તેમાં કોઈ વાદ-વિવાદ કે ફરિયાદને અવકાશ રહેશે નહિ.

જો. સેક્રેટરી      સેક્રેટરી

સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી

ગાંધી – સરદાર સ્મૃતિ ચોક, સરકીટ હાઉસની સામે,

શાહીબાગ, અમદાવાદ.